# ખેલાડી (રમતવીર)

જે વ્યક્તિ કોઈ ખાસ રમત, વ્યાવસાયિક રીતે રમે છે તેને રમતવીર અથવા ખેલાડી તરીકે ઓળખવામાં આવે છે. તે અથવા તેણી રાજ્ય, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાઓમાં ભાગ લે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે રમતગમતમાં શ્રેષ્ઠ છો
- તમને ટીમમાં કામ કરવું ગમે છે
- તમે શારીરિક રીતે તંદુરસ્ત અને ચપળ છો
- તમને બહાર કામ કરવાનું ગમે છે



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૭૫૦ થી ૬,૯૫,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. તમે જે રમત રમવા , તેમાં આગળ વધવા માંગો છો તે પસંદ કરો, પછી શાળામાં હોય ત્યારે રમતગમત એકેડેમીમાં જોડાઓ, તમારા શાળાકીય અભ્યાસ સાથે આ રમતનો મહાવરો કરવાનું ચાલુ રાખો.

૨. શારીરિક શિક્ષણ અથવા સ્પોર્ટ્સ મેનેજમેન્ટમાં સ્નાતક (બી.પી.એજ્યુ./બી.એસ.એમ.)ની ડિગ્રી પૂર્ણ કરો. કૉલેજ કક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લો.

૩. જિલ્લા કક્ષાની રમતો રમવા માટે આગળ વધો, પછી રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં રમો અને પછી રાષ્ટ્રીય કક્ષાની ચેમ્પિયનશિપમાં ભાગ લો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ખેલાડીનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૩૪,૫૦૦ થી ૬૦,૪૮૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://www.salaryexpert.com/salary/job/professional-athlete/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની ટીમો, એથ્લેટિક એસોસિએશન અને સ્પોર્ટ્સ ક્લબ વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ:** રમતના આધારે તમે ઈન્ડોર અથવા આઉટડોર કામ કરશો. તમે શારીરિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ. મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. તમે રમતગમતની સીઝન દરમિયાન કેટલાક મહિનાઓ સુધી દર અઠવાડિયે ૪૦ કલાકથી વધુ કામ કરી શકો છો.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જિલ્લા કક્ષાના રમતવીર/એથલીટ → રાજ્ય કક્ષાના રમતવીર/એથલીટ → રાષ્ટ્રીય કક્ષાના રમતવીર/એથલીટ → વ્યાવસાયિક ખેલાડી → સ્પોર્ટ્સ કોચ/મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

પ્રોફેશનલ સ્પોર્ટ્સ પર્સન, પ્રોફેશનલ સ્પોર્ટ્સમેન, પ્રોફેશનલ એથલિટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. અય્યા નાદર જાનકી અમ્મલ કોલેજ, તામિલનાડુ
૨. પોસ્ટ ગ્રેજ્યુએટ ગવર્મેન્ટ કોલેજ ફોર ગર્લ્સ, ચંદીગઢ
૩. ઈન્સ્ટિટ્યુટ ફોર એક્સેલન્સ ઈન હાયર એજ્યુકેશન, ભોપાલ
૪. બજકુલ મિલાની મહાવિદ્યાલય, પશ્ચિમ બંગાળ
૫. એમ.એસ.યુ., વડોદરા
૬. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ્ યુનિવર્સિટી, ગાંધીનગર
૭. ડૉ. બિરિંચી કુમાર બરૂહા કૉલેજ, પુરાનીગુડમ, આસામ
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. એ.વી.વી.એસ. શ્રી પુષ્પમ કોલેજ, તમિલનાડુ
૨. અરુમુગમ પિલ્લાઈ સીતાઈ અમ્મલ કોલેજ, મદુરાઈ
૩. સી.એમ.એસ. કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, કોઈમ્બતુર
૪. ગોચર મહાવિદ્યાલય, સહારનપુર
૫. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૬. એમ.એમ.એચ. કોલેજ, ગાઝિયાબાદ
૭. મીનાક્ષી રામસ્વામી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, તમિલનાડુ
૮. ટ્રાન્સતડિયા યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે -
https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**નીતુ ડેવિડ** હાલમાં બી.સી.સી.આઈ. મહિલા પસંદગી સમિતિના અધ્યક્ષ અને રાષ્ટ્રીય મહિલા ક્રિકેટ ટીમ માટે રમી ચૂકેલી ભૂતપૂર્વ ક્રિકેટર છે. તે ડાબોડી સ્પિનર છે. તે મહિલા વનડેમાં ૧૦૦ વિકેટ લેનારી ભારતની પ્રથમ બોલર હતી.*

સ્રોત : https://thesportsschool.com/the-10-greatest-indian-womens-cricketer-of-all-time/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.